ખેડબ્રહ્માના ભૃગુ ઋષિના મંદિરે મેળો ભરાયો

પિતૃઓનાં અસ્થિ વિસર્જન કરી ભગવાન સદાશિવ ભૃગુઋષિનાં દર્શન કરી ગંગા નદીમાં સ્નાન કર્યાની શ્રદ્ધાળુઓએ લાગણી અનુભવી

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્મામાં હરણાવ-કોસંબી અને ભીમાક્ષી નદીઓના ત્રિવેણી સંગમ કિનારે બિરાજમાન સ્વયંભુ ભૃગુઋષિના મંદિર નજીક દેવદિવાળીના દિવસે ભવ્ય

મેળો ભરાયો હતો. જેમાં હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. મંદિરમાં દર્શન માટે કતારો લાગી હતી. ભૃગુ ઋષિના પ્રયત્નોથી ભીમાક્ષી નદીમાં માત્ર કારતકી પૂનમના દિવસે જ વહેલી સવારે પ્રગટતી ગંગા નદીની લહેરની શ્રદ્ધા અને આસ્થાના કારણે હજારો ભક્તોએ નદીમાં સ્નાન કરી ધન્ય બન્યા હતા. અને વહેલી સવારે કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા નારાયણબલી તથા પંચબલીની વિધિઓ પણ કરાવવામાં આવી હતી.

ખેડબ્રહ્મા શહેર ત્રણ નદીઓના સંગમ સ્થાન ઉપર વસેલુ છે. અને ત્રિવેણી સંગમ સ્થાને ભગવાન ભૃગુઋષિ મહાદેવનું જીર્ણોદ્ધાર પામેલુ અને દ્વાદશ જ્યોર્તિલીંગ પ્રસ્થાપિત મંદિર નજીક પરંપરાગત ભવ્ય મેળો ભરાયો હતો. ભૃગુઋષિના પ્રયત્નોથી દેવ દીવાળી એટલે કે કારતક સુદ પૂનમના દિવસે વહેલી સવારે ગંગા નદીની ધારા પ્રગટતી હોય છે તેથી આ પવિત્ર સ્થાને ગંગાસ્થાન કરવા તથા પિતૃઓના અસ્થિ વિસર્જન માટે લોકો ઉમટી પડ્યા હતા. દેવ દિવાળીના દિવસે ભીમાક્ષી નદીમાં અસ્થિ વિસર્જન કરતા તે ઓગળી જતા હોય છે વહેલા ૫.૦૦ વાગ્યાના સુમારે ઘણા પરિવાર અસ્થિત વિસર્જન તથા મોક્ષની વિધિ માટે આવ્યા હતા. કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા નારાયણબલી-પંચબલી તથા અન્ય વિધિ દ્વારા તર્પણ સંપન્ન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત કારતકી પૂનમના મેળામાં મુળા-ચણીબોર તથા શિંગોડા ખરીદી ભોળા શંભુને અર્પણ કરી ધન્યતા અનુભવતા હોય છે. મુળા-બોર તથા શિંગોડા ભગવાન ભૃગુઋષિને ધરાવી પછી જ ખાવાની ઘણા શ્રદ્ધાળુઓને ટેક હોય છે. જે આજે પુરી કરતા હોય છે. ખેડબ્રહ્માના ભૃગુઋષિ મંદિરે ભરાતો મેળો માળવાનો પણ એક લ્હાવો છે.

નીલપુર ગ્રામ પંચાયતમાં રાજકીય ખેંચતાણથી ગ્રામજનો કાદવકિચડમાં ચાલવા મજબુર

દાંતીવાડા તાલુકાના નીલપુર ગામમાં રાજકીય ખેંચતાણમાં તુટેલી પાણીની પાઈપોનું સમારકામ કરાતું નથી જેથી ગામના રસ્તાઓ પાણીથી ખદબદી જવાથી ગ્રામજનોને હાલાકીનો સામનો કરવો પડ્યો છે. ગ્રામજનો દ્વારા માંગણી કરાઈ છે કે પાણીની તુટેલી પાઈપોનું સમારકામ જલદીથી થાય. નીલપુર ગામમાં છેલ્લા બે ત્રણ વર્ષથી ગ્રામ પંચાયતનો બોર અનીયમીત રીતે ચાલુ બંધ કરવામાં આવે છે. જેના કારણે પાણી ક્યારે આવશે તે કોઈને પણ જાણ થતી નથી. અને જ્યારે બોર ચાલુ કરવામાં આવે છે ત્યારે મર્યાદા બહાર ચાલુ રાખી પાણી ગટરમાં વહી જઈ ગટરો ઉભરાય છે. જેમાં ગટરોનું પાણી રસ્તા ઉપર આવવાથી ગામમાં રસ્તાઓ ઉપર કાદવ-કીચડ થઈ જવા પામ્યો છે. સરકાર દ્વારા પાણી બચાવવાની અનેક જાગૃતિની જાહેરાતો કરવામાં આવતી હોય છે. ત્યારે સરકારના રખેવાળો દ્વારા જ પાણીનો બગાડ થાય તે જાણીને ગ્રામજનોમાં ચર્ચાઓ થવા પામી છે. ગ્રામ પંચાયતમાં રાજકીય દ્વેશભાવ રાખી રસ્તાઓ ઉપરનું પાણી રોકવામાં પંચાયતને કોઈ જ રસ ન હોય તેમ ગ્રામજનો જણાવી રહ્યા છે. છેલ્લા ત્રણ વર્ષથી નીલપુર ગામના ગ્રામજનો કાદવકીચડમાં ચાલીને પોતાના કામાર્થે જતા હોય છે. જ્યારે કાદવ-કીચડન્થી ગ્રામજનોનું આરોગ્ય સામે પણ ખતરો ઉભો થયો છે. જેથી તંત્ર દ્વારા નક્કર પગલા ભરી ગ્રામજનોને પડતી હાલાકી દૂર થાય અને જલદીથી પગલા ભરાય તેવી માંગણી ગ્રામજનો દ્વારા કરવામાં આવી છે. અને જો માંગણી નહિ સંતોષાય તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારી છે. (તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

અદાણી ગેસની પાઈપમાં એકાએક આગ લાગી ગઈ

અમદાવાદ, તા.૧૭

શહેરમાં આજે બપોરે થલતેજ પાસે આવેલ ઉદ્‌ગમ સ્કુલ નજીક અચાનક અદાણી ગેસની પાઈપમાં આ ફાટી નિકળી હતી. ભયાનક આગ ફાટી નીકળતાં જ લોકોના જીવ અધ્ધર થઈ ગયા હતા. તેમજ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. આગ ફેલાતા લોકોમાં નાસભાગ મચી જવા પામી હતી.

જોકે આગના કારણે કોઈને જાનહાની થઈ નહોતી. દુર્ઘટનાની જાણ થતાં જ ફાયરબ્રિગેડના જવાનોનો કાફીલો ગણતરીની મિનીટોમાં જ ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને ત્યારબાદ આગમાં પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. અંદાજે બે કલાકની ભારે જહેમત બાદ ફાયરબ્રિગેડના જવાનોએ ત્રણ ફાયર ફાઈટરની મદદથી આગ પર કાબુ મેળવી લીધો હતો.

થલતેજ ઉદ્‌ગમ સ્કુલ પાસે અદાણી સીએનજી પાઈપ લાઈનમાં એકાએક આગ ફાટી નીકળતા ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. ફાયરબ્રિગેડની ટીમે તરત જ આગ પર કાબુ મેળવ્યો હતો.

હિંમતનગરમાં ૧૦૮ દ્વારા શ્રદ્ધાંજલિ સભા યોજાઈ

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લા ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા દ્વારા રવિવારે રોડ અકસ્માતમાં માર્યા ગયેલા મૃતાત્માઓને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ હિંમતનગરના મોતીપુરા સર્કલ ખાતે યોજાયો હતો. જેમાં મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા ૫૦ થી વધુ મીણબત્તી પ્રજ્જવલિત કરાઈ હતી.

રવિવારે સાંજે મોતીપુરા સર્કલ ખાતે ૧૦૮ દ્વારા યોજાયેલ આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં ૧૦૮ સેવાના સંદીપભાઈ ગટવી તથા પી.આઈ. જે.એમ. આલ. તથા શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. સંદીપભાઈ ગટવીના જણાવ્યા મુજબ સાબરકાંઠા જિલ્લામાં વિવિધ સ્થળે થયેલા માર્ગ અકસ્માત અંગે ૧૦૮ને કોલ મળતા એક વર્ષમાં ૧૦૬૫ લોકોના જીવ બચાવાયા હતા. જો કે રોડ અકસ્માતમાં ગંભીર રીતે મોતને ભેટેલા મૃતાત્માઓને શાંતિ મળે તે માટે દર વર્ષે તા. ૧૭ નવેમ્બરે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેના ભાગરૂપે આ વર્ષે પણ રવિવારે આ કાર્યક્રમ યોજાયો હતો.

હિંમતનગરમાં સિંધી સમાજ દ્વારા ગુરૂનાનક જયંતિ ઉજવાઈ

હિંમતનગર, તા. ૧૭

હિંમતનગરમાં રહેતા સિંધી સમાજ દ્વારા રવિવારે તેમની સમાજવાડી ખાતે ગુરૂનાનક જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે પૂજા-અર્ચના તથા ભજન-સત્સંગના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ ગુરૂગ્રંથનું પૂજન કરી તેમને ચાદર અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સદેરાવાળા સાઈ ઝૂલેલાલ ગુરૂજીએ ઉપસ્થિત રહી સિંધી ભાઈઓને આશીર્વચન પાઠવ્યા હતા તેમજ ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રેમીએ નજીવી બાબતમાં જ પ્રેમિકાની કરેલી ઘાતકી હત્યા

અમદાવાદ, તા.૧૭

ગુજરાતી ભાષાની જાણીતી કહેવત 'પ્રેમ આંધળો હોય છે'. આ ઉક્તિને ચરિતાર્થ કરતો બનાવ શહેરના મેઘાણીનગરમાં બનવા પામ્યો છે. જેમાં શંકાશીલ પ્રેમીએ કોઈ નજીવી બાબતમાં પ્રેમિકા સાથે તકરાર કર્યા બાદ ઉશ્કેરાઈને પ્રેમિકાનું ગળુ દબાવી હત્યા કરી દીધી છે. પ્રેમિકાને મોતને ઘાટ ઉતારી દીધા બાદ પ્રેમી મેઘાણીનગર પોલીસ મથકમાં હાજર થઈ ગયો છે. હાલ આ મામલા અંગે પોલીસ અધિકારીઓ વધુ તપાસ કરી રહ્યા છે. શહેરના મેઘાણીનગર વિસ્તારમાં રહેતા રામ સ્વરૂપ મોટી ઈલેક્ટ્રીકનું કામકાજ કરે છે. ચાર વર્ષ અગાઉ હંસાનામની યુવતી સાથે રામસ્વરૂપ સંપર્કમાં આવ્યા બાદ તેમની આંખોથી આંખો મળી જતાં તેમનો પ્રેમ પાંગર્યો હતો. પરંતુ શંકાશીલ રામસ્વરૂપ ગતમોડી રાત્રે હંસા સાથે કોઈ નજીવી બાબતે તકરાર થઈ ગઈ હતી. બાદમાં ઉશ્કેરાયેલા રામસ્વરૂપે હંસાનું ગળું દબાવીને મોતને ઘાટ ઉતારી હતી. પોતાની જ પ્રેમિકાને કરૂણ અંજામ આપ્યા બાદ રામસ્વરૂપ મેઘાણીનગર પોલીસ મથક હાજર થઈને પોતાનો ગુનો કબુલ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આરોપી રામસ્વરૂપ તથા હંસા પરણિત હતા. પરંતુ હંસાને તેના પરિવારજનો સાથે તકરાર થતાં હંસાએ ઘર છોડ્યું હતું.

ઠંડીમાં એકાએક વધારો થયો : નલીયામાં ૧૧.૮

ઠંડીમાં વધારો થતાં ઉન અને ગરમ વસ્ત્રો બજારમાં તેજી

અમદાવાદ, તા.૧૭

ગુજરાતમાં પણ ઝડપથી તીવ્ર ઠંડીની હવે શરૂઆત થઈ રહી છે. રાત્રી ગાળા દરમિયાન લોકોને વધારે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. સાંજે અને સવારમાં પણ ઠંડા પવન ફુંકાઈ રહ્યા છે. જેથી ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ગુલાબી ઠંડીની શરૂઆત થવાની સાથે જ તાપમાનમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. સામાન્ય રીતે પ્રદેશમાં સુકા પવનો ફુંકાઈ રહ્યા છે. લઘુત્તમ તાપમાન આવતીકાલે અમદાવાદમાં ૧૪ ડિગ્રીની આસપાસ નોંધાય તેવી શક્યતા છે. છેલ્લા કેટલાક દિવસથી અમદાવાદમાં પણ ઠંડીમાં વધારો થતાં ગરમ વસ્ત્રોના બજારમાં તેજી આવી ગઈ છે. ઉન બજારની સાથેસાથે ગરમ વસ્ત્રોના બજારમાં લોકોની ભીડ જોવા મળી રહી છે. આજે અમદાવાદ શહેરમાં પણ લઘુત્તમ તાપમાન ૧૪.૩ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૩.૨ ડિગ્રી નોંધાયું હતું. જોકે રાજ્યમાં સૌથી વધારે ઠંડીનો અનુભવ નલીયામાં થયો હતો. અહીં લઘુત્તમ તાપમાન ૧૧.૮ ડિગ્રી થયું હતું. આવનાર દિવસોમાં ઠંડીમાં હજુ પણ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. પડોશી રાજ્યોમાં તીવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. રાજસ્થાનના માઉન્ટ આબુમાં સૌથી વધુ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. બીજી બાજુ ચુરુ, સવાઈ માધોપોર, ગંગાનગર, અજમેર સહિતના રાજસ્થાનના ઘણા ભાગોમાં તાપમાન ૧૦ ડિગ્રીથી પણ નીચે રહ્યું છે. જેથી નીચા તાપમાનની અસર ગુજરાતમાં પણ જોવા મળી રહી છે.

શબ્દાવલી - ૫૨૩૦



આડી ચાવી

૧. આમતેમ ડોલવું જેમ પાણીમાં નામ... થાય (૬)
૬. તુવેરસીંગ (૩)
૭. સુગંધ (૬)
૮. ડરપોક, બીકણ (૩)
૧૦. ગુજરાતીમાં પહેલો મહિનો (૪)
૧૧. આસ્થા, શ્રદ્ધા (૩)
૧૪. મોજ..., આનંદ (૨)
૧૬. કતારબદ્ધ (૪)
૧૭. ડાબુ (૩)
૧૮. અણસમજુ, છોકરમત વાળું (૩)
૧૯. રસ્તો (૩)
૨૦. પડ (૨)
૨૧. શ્યામ રંગવાળી, કાળી (૩)

ઊભી ચાવી

૧. જીતેન્દ્રની એક જૂની ફિલ્મ (જાદુની) (૫)
૨. ચલો રે... ઉઠાવો કહાર પિયા મિલન કી... (૨)
૩. પડકાર (૪)
૪. કસરત (૨)
૫. મુંડન કરાવેલો (૨)
૯. રકમના કમવાર (૫)
૧૨. ધનવાન (૪)
૧૩. ચક્ષુ, આંખ (૩)
૧૫. તોપના દારૂગોળાને સળગાવવા માટેનો પલીતો (૪)
૧૮. માલિક (૨)
૧૯. ફૂલ-ઝાડ ઉછેરનાર (૨)

શબ્દાવલી ૫૨૨૯ના જવાબ

આડી ચાવી :- (૧) મતલબ (૪) રહેમ (૭) બેવ (૮) હાલીમવાલી (૯) નવકાર (૧૦) તનીક (૧૧) તટ (૧૨) વળ (૧૩) કાટી (૧૪) કતલ (૧૬) દરમાયો (૧૮) મકતુ (૧૯) મેરામન (૨૧) કમર (૨૨) જઈજાત

ઊભી ચાવી :- (૧) મહેતલ (૨) તલવટ (૩) બહારવટીયો (૪) રમત (૫) હેવાનિયત (૬) મલીક (૧૩) કામાતુર (૧૪) કસીરાઈ (૧૫) લયાનત (૧૬) દમક (૧૭) રકમ (૧૯) મેજ (૨૦) મજા

સમસ્યા પુનઃ વકરી...● પહેલા પાનાનું ચાલુ

ખાનગી એજન્સીઓ દ્વારા કચરાનું ડમ્પીંગ ગમે ત્યાં મનફાવે કરવાનું ચાલુ હોવાની હકીકતથી ચેરમેન ચોંકી ઉઠ્યા હતા. તેમણે અધિકારીઓને આ બાબતે કડક તાકીદ કરી હતી અને આવી એજન્સીઓ સામે શિક્ષાત્મક અને દંડનીય કાર્યવાહી હાથ ધરી રિપોર્ટ કરવા જણાવ્યું હતું.

સેક્ટર-૨૧માં પણ વોર્ડ કચેરી અને તેની આસપાસ જ કચરાના ખડકલા જોઈ હેબતાઈ ગયેલા ચેરમેને તપાસ હાથ ધરતાં જાણવા મળ્યું હતું કે છેલ્લા ઘણા સમયથી આ વિસ્તારમાં સફાઈની એજન્સી અત્યંત અનિયમિત છે એટલું જ નહિ કચરાના નિકાલની કામગીરી થતી જ નથી.

આ કચેરીના બે કર્મચારીઓ તો છ મહિનાથી રજા પર હોવાની ચોંકાવનારી હકીકત પણ તેમની તપાસમાં બહાર આવી હતી. આ વોર્ડ કચેરીમાં ૬ કર્મચારીઓની સામાહિક રજા હતી તો ૬ કર્મચારી ગેરહાજર જણાયા હતા. માત્ર ૩ કર્મચારીઓ જ હાજર હોવાથી તેમણે અધિકારીઓને આરોધડ રજાઓ મંજૂર કરવાના નિર્ણયને લઈ પ્રશ્નોત્તરી કરી હતી.

તેમણે કર્મચારીઓની રજા મંજૂરી અંગેના નિયમોનું ચૂસ્ત પાલન કરવા તાકીદ કરી હતી તેમજ સફાઈ પર વિપરીત અસરો ના પડે તે જોવા પણ તાકીદ કરી હતી.

ગાંધીનગર શહેરમાં વધતી જતી ગંદકીનો મુદ્દો સત્તાવાળાઓ સામે ગંભીર બની ગયો છે. સત્તાવાળાઓ એક સાંધે ત્યાં તેર તુટે જેવી હાલત થાય છે. વારંવાર ચેતવણીઓ એજન્સીઓને અપાયા પછી પણ કોઈ ગંભીરતા સફાઈની કામગીરીમાં જોવા મળતી નથી.

તંત્ર દ્વારા હવે આ મુદ્દે અત્યંત આકમક વલણ અપનાવવામાં આવે તેવી લાગણી નગરજનોમાં પ્રવર્તી રહી છે.

કંપની સમાચાર

નોવોટેલ અમદાવાદ સાથે એકોરની શહેરમાં વિશ્વસ્તરની હોટલ શરૂ

એકોરે નોવોટેલ અમદાવાદની જાહેરાત કરતાં ભારતની તેની ૨૩મી હોટલ શરૂ કરવાની પણ જાહેરાત કરી છે. આ જૂથની આ સાતમી નોવોટેલ હશે. અમદાવાદ ભારતનું સૌથી મોટું પાંચમું શહેર છે. શહેરનાં વ્યાપારી, ઔદ્યોગિક તથા રિટેલ ક્ષેત્રની નજીક સ્થિત નોવોટેલ અમદાવાદમાં ૧૮૪ ગેસ્ટ રૂમ અને સ્યુઈટ્સ, નવીનતમ ટેકનોલોજી તથા આકર્ષક ડાઈનિંગ અને મનોરંજન સુવિધાઓસાથે મીટિંગ માટે જગ્યા છે. હોટલ બિઝનેસ પ્રવાસીઓ અને કુટુંબો માટે 'ઘરથી દૂર ઘર'નો અનુભવ કરાવશે.

હોટલનાં ઉદ્‌ઘાટન વિશે બોલતા જીન મિશેલ કાસે, સીનિયર વાઈસ પ્રેસિડેન્ટ, ઓપરેશન્સ, એકોર ઈન્ડિયાએ જણાવ્યું કે, 'ભારતમાં નોવોટેલ નેટવર્કનાં ઝડપી વિકાસથી અમે ખૂબજ પ્રસન્ન છીએ. નોવોટેલ અમદાવાદની શરૂઆત ઉચ્ચ સેગમેન્ટનાં વિકાસમાં ભારત એક મુખ્ય માર્કેટ હોવાનુંઅમારું ફોકસ મજબૂત કરે છે. આ વિસ્તારમાં નોવોટેલ માટે અમારી વિસ્તરણ યોજના મહત્ત્વાકાંક્ષી છે અને નોવોટેલ હોટેલોનાં અમારા હાલનાં પોર્ટફોલિયો સાથે ભારતમાં નવા બજારો અને નવા સેગમેંટ વિકસિત કરવાની અમને ખાત્રી છે.' તેમણે વધુમાં જણાવ્યું કે, નોવોટેલ અમદાવાદ ખાતે અમને આ પ્રકારનાં ઉભરતાં પ્રદેશોમાં આતિથ્ય ઉદ્યોગનાં નવા માપદંડ સ્થાપિત કરવાની આશા છે. આ પ્રોપર્ટીમાં ઉચ્ચ સેવાઓ અને સવલતો સાથે વૈશ્વિક સ્તરની સમકાલીન આવાસીય સુવિધા ઉપલબ્ધ બનશે.

નોવોટેલની નેક્સ્ટ જનરેશનની ગેસ્ટ રૂમો નોવોટેલ અમદાવાદ મહેમાનોને આરામદાયક વાતાવરણ સાથે રૂમમાં ફ્લેટ સ્ક્રીન એલઈડી ટીવી, કોફી અને ટી મેકર, રૂમમાં સેફ અને મફત ઈન્ટરનેટ અને રિફ્રેશમેન્ટ સેન્ટર જેવી અત્યાધુનિક સુવિધાઓ પૂરી પાડે છે. હોટલમાં દરેક પ્રવાસી માટે વિવિધ પ્રકારની રૂમો જેવી છ માસ્ટર સ્યુઈટ, આઠ સ્ટુડિયો સ્યુઈટ, ચાર જૂનિયર સ્યુઈટ, ૪૬ સુપીરિયર ટ્વિન રૂમો અને ૧૨૦ સુપીરિયર કિંગ રૂમ છે.

તંત્રની ઉદાસીનતા... ● છેલ્લા પાનાનું ચાલુ

ગાંધીનગર શહેરી વિસ્તારના બાળકોને પ્રાથમિક શિક્ષણથી વંચિત રાખવા માટે તંત્ર દ્વારા જે પરિસ્થિતિનું નિર્માણ કરાયું છે તેને જનતા કોઈ કાળે સાંખી લેશે નહીં. શહેરી વિસ્તારમાં શિક્ષકોની જગ્યાઓ ભરાય તે માટે ધારાસભ્યશ્રીઓ દ્વારા પણ વારંવાર શિક્ષણ મંત્રીશ્રીને રજુઆતો કરાઈ છે અને શિક્ષણ મંત્રીશ્રી દ્વારા જરૂરી કાર્યવાહી કરવા જણાવ્યું હોવા છતાં શિક્ષણ વિભાગે આંખે પાટા બાંધ્યા હોય તે રીતે વર્તીને શિક્ષકો-બાળકોને અન્યાય કરી રહ્યા છે. જો સત્વરે આ અંગે રાજ્ય સરકાર કોઈ નિર્ણય નહીં કરે તો વ્યાપક જનઆક્રોશ ઉભો થશે અને આંદોલનાત્મક કાર્યવાહી કરવામાં આવનાર છે.

લોક સંસદ... ● છેલ્લા પાનાનું ચાલુ

વૃક્ષજન્ય કચરાના નિકાલનો છે. મનપાના સફાઈ કામદારો માને છે કે આ કચરો તેમણે ઉપાડવાનો નથી. આ બાબત સ્પષ્ટ થવી જોઈએ.

● સે-૨૧ શોપીંગ સેન્ટર-શાક માર્કેટ : વિશેષ ધ્યાનની જરુર

જ્યાં દરરોજ હજારો નગરજનો ખરીદી માટે આવે છે તે સેકટર-૨૧ની સ્વચ્છતા અને દબાણની સ્થિતિ ગંભીર છે. ત્યાં સંપૂર્ણપણે નવું તંત્ર, નવું આયોજન અનિવાર્ય છે. કોઈ અઘટીત ઘટના બનશે તો કેટલાય જીવ જોખમમાં મુકાશે તે કલ્પવું પણ મુશ્કેલ છે. શાકભાજીની દુકાનોવાળા સ્વચ્છતાની કામગીરી માટે દર મહિને રૂ. ૯૦ મહાનગરપાલિકાએ મૂકેલા કોન્ટ્રેકટરને આપે છે. આટલી રકમ મેળવ્યા પછી પણ કન્ટ્રેકટર સફાઈ માટે અનિયમિત અન બેદરકાર છે તેવું દુકાનદારો જણાવે છે. આ સમગ્ર કામગીરીનું નિયંત્રણ કરતા સુપરવાઈઝરના નામ-મોબાઈલ નંબર, કામના કલાકો વગેરે વિગતો બોર્ડ પર મોટા અક્ષરોમાં પ્રદર્શિત કરવી જોઈએ. જાગૃત નાગરિક પરિષદે અનેકવાર કરેલી આ રજૂઆતો શા માટે સ્વીકારાતી નથી? તંત્રના કર્મચારીઓ આપણે જનતાને જવાબદાર છે તે લોકશાહી સિધ્ધાંત મનપાના અધિકારીઓ આત્મસાત કરે તે આજની તાકીદ છે.

● પાટનગર યોજના ભવનની ભારે બેદરકારી

સેકટર-૨૧નું શોપીંગ સેન્ટર કરોડોના ખર્ચે અદ્યતન બનાવાયું પરંતુ તેના મેઈન્ટેનન્સની કામગીરી ભૂલાઈ ગઈ! રંગીન વિશાળ ત્રણ ફુવારા બનાવાયા, જે ચાલતા નથી. ફુવારામાં સ્ટેચ્યુ મુકાયા જે તુટી ફૂટી ગયા. ફુવારાના તળિયામાં પાણી અને કચરો લીલ ભરાયેલા રહે છે એ મચ્છરનું ઉત્પત્તિ સ્થાન બન્યા છે. સામાન્ય લોકોને પ્રશ્ન એ થાય છે કે આ શોપીંગ સેન્ટરની નિભાવણીની જેમની જવાબદારી છે તે પા.યો.ભવનના અથવા મનપાના અધિકારી જાહેર જનતા પ્રત્યેની સંવેદના ગુમાવી ચૂકયા છે? નિભાવણી શકય ન હોય તેવી યોજનાઓને કોણ મંજુરી આપે છે?

● લોકોની શાંત રજૂઆતો બહેરા કાને

નગરની સ્વૈચ્છિક સેવા સંસ્થાઓ રજૂઆતો કરે છે તેને કોઈ પ્રતિભાવ મળતો નથી! લોકો આક્રોશ વ્યકત કરે, ગેરલોકશાહી માર્ગે ધમાલ કરે તો જ તંત્રી ઊંઘ ઉડે તેવી લોકશાહી પ્રણાલી છે? મનપાના કર્મચારીઓ-અધિકારીઓને નોટીસ આપ્યાના સમાચાર છે. તેમની સામે શા શિક્ષાત્મક પગલાં લીધાં તે પણ યોગ્ય સમયે જાહેર કરવામાં આવે તો તંત્ર પ્રત્યે લોકશ્રધ્ધા જીવંત રહેશે.

શહેરના આ મુખ્ય શોપીંગ સેન્ટરમાં ફૂવારાની આજુબાજુ સુંદર લોન પાથરવામાં આવી હતી. જાળવણીના અભાવે ત્યાં આજે કચરો ભરાયેલો પડયો છે. કચરો બાળ્યાના રાખના ઢગલા પડયા છે. વેપારીઓનો વધારાનો નકામો સામાન પડયો છે. લોક પ્રતિનિધિઓ એવા સન્માનનિય મંત્રીશ્રીઓના બંગલામાં નિયમિત લોનની જાળવણી કરતું તંત્ર હજારો લોકો માટેની લોનની જાળવણીની બાબતમાં શા માટે ઉદાસીન છે? કોઈસંસ્થા કોર્ટના આદેશ મેળવે તેની રાહ જોવાઈ રહી છે?

ગાંધીનગરના ગૌરવવંતા નગરજનોની સુવિધા માટે સરળ પહોળી સુંદર ફૂટપાથ બનાવવામાં આવી છે, જે સંપૂર્ણપણે દબાણ હેઠળ છે. નાગરિકોની ચિંતા કોને છે? હે આયોજકો! આ ગૌરવશાળી શોપીંગ સેન્ટરની સાંજના સમયે ચાલીને એકવાર તો મુલાકાત લો! દબાણ કરનારાઓ બગડેલા શાકભાજી અને ચીજવસ્તુઓ જ્યાં ત્યાં ફેંકી ગંદકી કરે છે તે તરફ પણ જરા નજર કરજો.

ગાંધીનગરને પ્લાસ્ટીક મુકત બનાવવાની સરકારની યોજના અમલમાં છે. આજે વર્ષો પછી પણ આપણે હતા ત્યાં જ છીએ! તંત્ર નિદ્રામાં છે, લોકો અગાઉની માફક પોતાની કાપડની થેલીઓ લઈને આવે તે જ આનો ઉપાય છે.

● સ્વચ્છતાના સંસ્કાર નાનપણથી આપો

ગંદકી નાબૂદ કરવાનો ત્રીજો ઉપાય વિદ્યાર્થીઓને સ્વચ્છતાનું શિક્ષણ આપવાનો છે. આવીત કાલનું ગાંધીનગર સ્વચ્છ બનાવવાનું શાળાઓ સુનિશ્ચિત કરી શકે,

● કાયમી વ્યવસ્થા અને ચેકીંગ જરુરી

ગંદકી સામે વ્યાપક ઉહાપોહ થાય ત્યારે બે દિવસ સ્વચ્છતા ઝુંબેશ ચલાવી ફરી પાછી પૂર્વવત સ્થિતિ સ્થપાઈ જાય છે. નાગરિકો ઈચ્છે છે મનપાના નગરસેવકોને તેમના વોર્ડની સ્વચ્છતાની જાળવણીની વ્યવસ્થા માટે જવાબદારી આપવામાં આવે. તેમને જરુરી સત્તા પણ અપાય. વાઈબ્રન્ટ ગુજરાત સમયે સ્વચ્છ બનનું ગાંધીનગર કાયમી સ્વચ્છ બને તે માટે આવો આપણે સૌ સહચિંતન કરીએ.

ડુંગળીના ભાવો ઘટવા લાગ્યા...

● છેલ્લા પાનાનું ચાલુ

છે તે લાંબા સમય સુધી સાચવી શકાય તેમ ન હોવાથી ખેડૂતો તેને વેચી રહ્યા છે. અમદવાદ ખાતે સૌરાષ્ટ્રની ડુંગળીના ભાવમાં મણે રૂ. ૧૦૦-૧૫૦નો ઘટાડો થયો છે. આવકો વધતા છુટક બજારના ભાવોમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. છુટક બજારમાં હાલમાં ડુંગળી ૫૦થી ૬૦ રૂ. કિલોના ભાવે વેચાઈ રહી છે. આગામી દિવસોમાં વધુ આવક થતા ભાવો હજુ ઘટવાની સંભાવના છે.